જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૧/૧૦/૨૦૨૫ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૪૩૦/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૮ કેસ કરી, ૨૮ વ્યક્તિઓને ઝડપી, ૩૦૪ લીટર દેશી દારૂ, ૨૩૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૬૬ કવાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૨ કાર અને ૦૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી, ૦૯ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૪૩,૯૧૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૪૩૧/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૯ વ્યક્તિઓની અને પ્રોહી.૯૩ મુજબ ૧૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૪૩૨/૨૦૨૫**

સોલા હાઈકોર્ટઃ પુનીતભાઈ રજનીકાંતભાઈ શાહ (રહે.શ્રુહદ એપાર્ટમેન્ટ સોમલલીત સ્કુલની બાજુમાં નવરંગપુરા) એ તા.૧૦/૧૦/૨૦૨૫ ના રોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૦૯/૨૦૨૫ રાતના ૮/૦૦ થી તા.૨૭/૦૯/૨૦૨૫ સવારના ૬/૦૦ વાગ્યા દરમ્યાન સોલા હાઈકોર્ટની પાસે કારગીલ પેટ્રોલ પંપની બાજુમાં આવેલ પરમ ઓટોમોટીવ પ્રા.લી. નામના મહીન્દ્રા કંપનીના કાર શો રૂમના પહેલા માળે એકાઉન્ટ ઓફીસની બાજુમાં આવેલ કેન્ટીનની કાચની બારી ખોલી, અજાણી વ્યક્તિ શો–રૂમમાં પ્રવેશ કરી, રોકડ રૂપિયા ૭,૪૫,૪૩૦/– ચોરી કરી લઈ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.બી.મેસવાણીયા ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૪૩૩/૨૦૨૫**

ગુજરાત યુનિવર્સીટીઃ ગોપાલભાઇ પ્રભાભાઇ સતરાણી (ઉ.વ.૪૨)(રહે.સખામુખીનો વાસ, ગુલબાઇ ટેકરા) એ અગમ્ય કારણસર તા.૧૦/૧૦/૨૦૨૫ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે ગુલબાઈ ટેકરા અમુતાપાર્ક ખાતેના બંધ પડેલા મકાનના ત્રીજા માળે પોતાની જાતે ગળેફાંસો ખાઈ લેતા સારવાર અર્થે તેમને વી.એસ.હોસ્પીટલ ખાતે લાવતા બપોરના ૧/૩૦ વાગે ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે ગુજરાત યુનિવર્સીટી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.જી.કુણપરા ચલાવે છે.

ચાંદખેડાઃ વિપુલકુમાર મગનભાઇ પરમાર (ઉ.વ.૪૪)(રહે.ભાવીક સોસાયટી નવરંગ સ્કુલ સામે જગતપુર ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૧૦/૧૦/૨૦૨૫ સાંજના ૬/૩૦ વાગ્યા પહેલા કોઈપણ સમયે પોતાના ઘરે બેડરૂમની છતના હુક સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી આનંદકુમાર પરસોત્તમભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી